# મોડાસાના કોલીખડ પાટીયા નજીક વિચિત્ર અકસ્માત

## ટ્રક, ઝાયલો, જીપ, પોલીસ જીપ અને ટ્રેક્ટર વચ્ચે ધડાકાભેર અથડાતા ઝાયલો ગાડીસવારનુ ઘટનાસ્થળે મોત : ૨ પોલીસકર્મી સહિત ૬ ઘાયલ

મોડાસા, તા. ૧૧ અરવલ્લી જિલ્લાના કોલીખડ ગામના પાટીયા નજીક શુક્રવારે રાત્રીના સુમારે ચાર વાહનો વચ્ચે વિચિત્ર અકસ્માત સર્જાતા અકસ્માતમાં ઝાયલો જીપ ગાડીમાં સવારનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતુ. અકસ્માતમાં પોલીસ જીપમાં બેઠેલા બે પોલીસકર્મી સહિત ૬ લોકોનો શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. મોડાસા-ધનસુરા માર્ગ પર ચાર વાહનો અથડાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માતના પગલે લાંબા ટ્રાફિકજામના દૃશ્યો સર્જાયા હતા.





આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ મોડાસા-ધનસુરા રોડ પર આવેલા કોલીખડ પાટીયા નજીક શુક્રવારે રાત્રીના ૯.૪૫ વાગ્યાના સુમારે ગમખ્વાર અકસ્માત સર્જાતા ચાર વાહનો એકબીજા સાથે અથડાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. મોડાસાથી ધનસુરા નજીક કોલીખડ પાટીયા પરથી પસાર થઈ રહેલા ટ્રેક્ટરની ટ્રોલીના લાઈટ ન દેખાતા પાછળથી આવતી જાયલો ગાડી (નં. જીજે.૦૯. એજી. ૪૮૮૭) ટક્કર મારતા ઝાયલો કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ધનસુરા પોલીસ જીપ (ગાડી નં. જીજે.૦૯.જી.૦૬૧૮) તેમજ અન્ય આઈવા ટ્રક (ગાડી નં. જીજે૯ઝેડ.૮૭૦૪)ને અથડાતા ઝાયલો કારના ચાલકનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. ટ્રેક્ટરમાં બેઠેલ વ્યક્તિઓ સહિત પોલીસ જીપના ડ્રાયવર અને અન્ય પોલીસકર્મીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ તાબડતોડ તમામ ઈજાગ્રસ્ત લોકોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઝાયલો કારમાં સવાર વ્યક્તિનું નામ નીરવ પંડ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. કોલીખડ પાટીયા નજીક ગમખ્વાર અકસ્માતના પગલે પોલીસ જીપ, ઝાયલો કાર અને ટ્રક સહિત ટ્રેક્ટરના ભુક્કેભુક્કા બોલાઈ ગયા હતા. અકસ્માત ઘટનાસ્થળે લોહીની નદીઓ વહેતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોમાં અરેરાટી ફેલાઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાતા લોકોના ટોળેટોળા અને ઈજાગ્રસ્ત લોકોના પરિવારજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મોડાસા ટાઉન પોલીસે દિલીપકુમાર બી. પટેલ (રહે. ધનસુરા પોલીસ સ્ટેશન)ની ફરિયાદના આધારે જાયલો ગાડી નં. જીજે૦૯.એજી.૪૮૮૭ના ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોત નિપજવાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.



### દેશ-વિદેશ વસતા પરિવારજનોનો આત્મીયતાભર્યો મેળાપ

આજના મેટ્રોસીટીના યુગમાં ફેમિલી ''માઈક્રો'' બનતા જાય છે. નવી પેઢીને સંયુક્ત કુટુંબની વિભાવના જ ખબર નથી ત્યાં તેના સંસ્કાર કે કૌટુંબિક ભાવના વિશે ક્યાંથી જાણકારી હોય ? વ્યવસાય કે બાળકોના અભ્યાસ જેવા કારણોથી સંયુક્ત કુટુંબથી દૂર થયેલા પરિવારોના બાળકો ભારતીય સંસ્કૃતિની પારિવારીક ભાવનાના સંસ્કારો અંગે માહિતગાર થાય, તેના મહત્વને સમજે તે માટે તાજેતરમાં અમદાવાદ ખાતે દવે પરિવાર દ્વારા નવતર પ્રયોગ રૂપે એક મેળાવડાનું આયોજન કરાયુ હતુ. જેમાં ચંપાબા ઉમાશંકર દવેની સાત પુત્રીઓ અને બે પુત્રોના પરિવારને એક સાથે એકઠો કરી વિવિધ આનંદ કિલ્લોલની પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી તથા વડીલોનુ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ. એકઠા થયેલા પરિવારો ગુજરાત, મહારાષ્ટ્ર તેમજ વિદેશથી પણ પધાર્યા હતા. આ પ્રકારના કાર્યક્રમોથી આધુનિક સમયમાં પોતિકાઓથી દૂર થયેલા સ્નેહીજનો વચ્ચે ફરી આત્મીયતાના તાર બંધાય તે માટે કરાયેલો પ્રયાસ ખરેખર પ્રસંશનીય છે.

# મેગા જોબ ફેરમાં ૩૦૦થી વધુ કંપનીઓ હાજર રહી

અમદાવાદ, તા.૧૧ શ્રમ અને રોજગાર વિભાગ તથા અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અને અરવલ્લી જિલ્લા વહીવટીતંત્રનાં સંયુક્ત ઉપક્રમે આજે એમજી સાયન્સ કોલેજ, અમદાવાદ



ખાતે મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા જોબ ફેરમાં ૩૦૦થી વધુ કંપનીઓએ ભાગ લીધો હતો. હજારો ઉમેદવારો આ મેળામાં રોજગાર મેળવવા માટે ઉપસ્થિત રહ્યા હતા અને ૧૦ હજારથી વધુ ઉમેદવારોની આ મેળામાં રોજગારી માટે પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. તેમજ ૧૧૦૦ જેટલા એપ્રેન્ટિસ ઉમેદવારોની પસંદગી પણ કરવામાં આવી હતી. આ મેગા જોબ ફેરમાં ટેક મહિન્દ્રા, ફોર્ડ, મારૂતિ, યુરોકા ફોગ, અરવિંદ મિલ, ઝાયડસ કેડિલા, અનુપ ઈન્ડસ્ટ્રીઝ જેવી મોટી કંપનીઓએ રોજગાર વાંચ્છુઓને રોજગારી માટે મોટી સંખ્યામાં પસંદ કર્યા હતા. રોજગાર અને તાલીમ વિભાગ તેમજ અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ મેગા જોબ ફેરનો પ્રારંભ કરાવતા વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડિયાએ જણાવ્યું હતું કે, કોઈપણ કાર્ય ખંત, ધગશ, લગન અને નિષ્ઠાથી અને પુરેપુરી પ્રામાણિકતાથી કરવામાં આવે તો તે કાર્ય ભલે ગમે તેટલું નાનુ હોય છતાં તેમાં શ્રેષ્ઠતા સાથે સફળતા ચોક્કસ હાંસલ થાય છે. મંત્રીએ જણાવ્યું કે, આજે રાજયનાં ૩૩ જિલ્લાઓમાં વિવિધ જગ્યાએ રોજગાર મેળાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે.

# ભાજપ દ્વારા આદિવાસી મતદાર પર ધ્યાન કેન્દ્રિત

અમદાવાદ,તા. ૧૧ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી આડે હવે ૧૧ મહિનાનો સમય રહ્યો છે ત્યારે ગુજરાત ભાજપે પણ કેટલીક વ્યૂહરચના અપનાવી લીધી છે. જેના ભાગરુપે ભાજપે હવે આદિવાસીઓ ઉપર નજર કેન્દ્રિત કરી દીધી છે. પાટીદારો અને દલિત સમુદાયના મત હાથમાંથી સરકી શકે છે તેવી દહેશતના લીધે ભાજપે પોતાની વોટબેંકને જાળવવાના તમામ પ્રયાસો હાથ ધર્યા છે. પાટીદાર અનામત આંદોલન અને દલિત અંધાધૂંધી ઉના કાંડ બાદ સર્જાયા પછી પાટીદાર અને દલિતો ભાજપથી નાખુશ દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ચિંતિત ભાજપના નેતાઓએ આદિવાસીઓ તરફ પણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને રાજ્ય ભાજપના વડા જીતુ વાઘાણીના નેતૃત્વમાં ભાજપે આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા મંગળવારના દિવસે હાથ ધરવામાં આવી હતી. દક્ષિણ ગુજરાતમાં ઉના ખાતે આની શરૂઆત કરવામાં આવી હતી. ભાજપ દ્વારા રાજ્ય વિધાનસબાની ચૂંટણીમાં સારો દેખાવ કરવાની ગણતરી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં ૨૭ એસટીની બેઠકો પૈકી ની ભાજપ ૧૦ ધરાવે છે જ્યારે કોંગ્રેસ પાસે ૧૬ બેઠક છે. જેડીયુ પાસે એક બેઠક છે. આજ કારણસર ભાજપે આ યાત્રા ચૂંટણી પહેલા શરૂ કરી છે. ૪૦ પાટીદાર પ્રભુત્વવાળી બેઠકો અને ૧૩ એસસી રિઝર્વ બેંકોને લઈને ગણતરી કરવામાં આવી રહી છે. ભાજપ દ્વારા આ બેઠકો ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરાયા છે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે એસટી રિઝર્વ બેઠકો પૈકી તમામ ચાર બેઠક ભાજપે જીતી હતી જેથી વિધાનસભાની ચૂંટણીમાં પણ ક્લિનસ્વીપનો ઈરાદો દેખાઈ રહ્યો છે.



### પંડિત દિન દયાળ ઉપાધ્યાયની પુણ્યતિથીએ ભાજપની પુષ્પાંજલિ

આજે ઉપાધ્યાયજીની પૂણ્યતિથિ છે. આ દિવસને ભારતીય જનતા પાર્ટી દ્વારા ''સમર્પણ દિવસ'' તરીકે મનાવવામાં આવે છે. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેષભાઈ શાહ કલોલ મંડળના રકનપુર અને સાંતેજ ગામના બુથ નંબર ૧૯૨, ૧૯૩, ૧૯૬માં જઈ દીનદયાળ ઉપાધ્યાયજીના ફોટાને પુષ્પાંજલી અર્પણ કરી પંડિત દિનદયાળ ઉપાધ્યાજીનું જીવન ચરિત્રનું મહત્વ સમજાવ્યું હતું. પંડિતજી હંમેશા ''એકાત્મ માનવવાદ' સિદ્ધાંતને અનુસરી પાર્ટીનું કામ કરતા હતા. તેમજ રાજ્ય સરકાર વર્ષ ગરીબ વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. ત્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારની ગરીબલક્ષી યોજનાની માહિતી આપી હતી. આ પ્રસંગે મહામંત્રી આઈ.બી. વાઘેલા પણ કુડાસણ, રાંદેસણ અને ભાટ ગામના બુથોમાં જઈ પંડિત દીનદયાળ ઉપાધ્યાજીને પુષ્પાંજંલિ અર્પી હતી. આજના દિવસે આ કાર્યક્રમો આખા જિલ્લામાં કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.

### પ્રથમ તબક્કામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સવારે મતદાનની શરૂઆત થઈ હતી. વર્ષ ૨૦૧૨માં યોજાયેલી વિધાનસભાની ચૂટણીમાં આ તબક્કાની ૭૩ બેઠકો પૈકી ભાજપમને માત્ર ૧૧ બેઠકો મળી હતી. પરંતુ બે વર્ષ બાદ લોકસભાની ચૂંટણીમાં ભાજપે તમામ લોકસભા બેઠક પર જીત મેળવી હતી. લોકસભા ચૂંટણીમાં ભાજપે ઉત્તરપ્રદેશમાં ૮૦ પૈકી ૭૩ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં આ વિસ્તારમાં સપા અને બહુજન સમાજવાદી પાર્ટીએ ૨૪-૨૪ બેઠકો જીતી હતી.

અજિત સિંહના રાષ્ટ્રીય લોકદળને નવ અને કોંગ્રેસને પાંચ બેઠક મળી હતી. પ્રથમ તબક્કામાં ૭૩ સીટ પર કુલ ૨.૫૭ કરોડ મતદારો પૈકી ૬૩ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સવારમાં આ મતદારો પૈકી મોટી સંખ્યામાં મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.પ્રથમ તબક્કામાં ૧.૧૭ કરોડ મહિલા મતદારોની ભૂમિકા પણ મોટી સાબિત થઈ છે. યુવા વર્ગમાં ૧૮ વર્ષથી ૨૫ વર્ષની વયના મતદારોની સંખ્યા ૨૪ લાખ નોંધાઈ હતી જે પૈકી મોટી સંખ્યામાં મતદારો બહાર નિકળ્યા હતા. પ્રથમ તબક્કામાં પશ્ચિમ ઉત્તરપ્રદેશના મેરઠ, બાગપત , મુઝફ્ફરનગર, ગાજિયાબાદ, સહારનપુર અને આસપાસના જિલ્લામાં મતદાન યોજાયું છે.

### કોકડું ગુંચવાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યપાલને મળવાનો સમય માંગ્યો હતો. તેમને પોતાના નેતા તરીકે ચૂંટી કાઢનાર ધારાસભ્યોના પત્ર સોંપવાની તેમની ઈચ્છા છે. શશીકલાએ રાજ્યપાલને કહ્યું છે કે, તેમને સરકાર બનાવવા માટે આમંત્રિત કરવા માટે બોલાવવામાં આવી ચુક્યા છે. તેમની પાસે બહુમતિ રહેલી છે. આ પત્રમાં વિધાનસભા પક્ષના નેતા તરીકે તેમને ચૂંટી કાઢનાર પ્રસ્તાવની નકલ પણ સામેલ છે. મુખ્યમંત્રી પનીરસેલ્વમના રાજીનામાની વાત પણ તેમણે કરી હતી. પનીરસેલ્વમે રાજીનામુ આપ્યાને ઘણા દિવસ થઈ ગયા છે.

બીજી બાજુ ખેંચતાણ વચ્ચે શશીકલાએ રાજ્યપાલને પત્ર લખીને સરકાર રચવાનો દાવો કર્યો છે. આજે બપોરે શશીકલા ગોલ્ડન રિસોર્સ-૨ ખાતે પહોંચ્યા હતા જ્યાં ૨૭ ધારાસભ્યોને રાખવામાં આવેલા છે. તેમની સાથે શશીકલાએ વાતચીત કરી હતી. તેમને હવે પરત રાજભવન લાવવામાં આવશે અને પાર્ટીની અંદર તેમના સમર્થનના પુરાવા તરીકે વિદ્યાસાગર રાવ સમક્ષ પરેડ કરાવવામાં આવશે.

બીજી બાજુ તમિળનાડુમાં ઝડપથી ઘટનાક્રમનો દોર જારી રહ્યો છે. શિક્ષણ મંત્રી કે પંડ્યારંજન પનીરસેલ્વમ જૂથમાં સામેલ થઈ ગયા છે. તેઓએ ગૃહમાં ફ્લોર ટેસ્ટની માંગણી કરી છે. ૧૩૫ ધારાસભ્યોનો ટેકો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. તમિળનાડુમાં તીવ્ર કટોકટી વચ્ચે શશીકલાએ અન્નાદ્રમુકના ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી જ્યારે પનીરસેલ્વમ કેમ્પમાં પણ સમર્થકોને ખેંચવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે.

### ત્રણ વર્ષથી ખોરંભે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વિસ રોડને અનુલક્ષી કરાયેલી વિવિધ દરખાસ્તો અભેરાઈએ ચઢાવી દેવાઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્રણ વર્ષ અગાઉ સે-૨૮ એન્જિનિયરીંગ કોલેજને જોડતા માર્ગને ફોરલેન બનાવાનુ આયોજન વિચારાયુ હતુ. જયારે ખ-૭ થી જી ઈ બીને જોડતા આ માર્ગને ફોરેલન બનાવવા માટે અંદાજિત રૂ ૨.૫૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો. વિભાગ કક્ષાએથી આ મામલે હકારાત્મક અભિગમ અપનાવાયા બાદ આ માર્ગનુ કામ હાથ ધરાયુ નથી.

જયારે ખ-૭ થી જી ઈ બીને જોડતા આ માર્ગને સિકસલેન બનાવાની યોજના સાકાર થાય તો આ રૂટમાં ટ્રાફિકની દ્રષ્ટીએ સરળતા અને સલામતીના પરિબળો મજબુત બનશે તેમ પણ મનાઈ રહયુ છે. માર્ગ નવિનીકરણની યોજના અન્વયે આ યોજના હાથ ધરવાની અનિવાર્યતા હોવાનુ વિશેષ પણે પણ વિદ્યાર્થીઓ માની રહયા છે.

### ઘેરાવ કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચકચાર મચી જવા પામી છે. આ કાંડને વખોડીને આમ આદમી પાર્ટીની મહિલા વિંગ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીના નિવાસસ્થાનને ઘેરાવ કરવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટીના વંદનાબેન પટેલની આગેવાનીમાં આવતી કાલે રવિવારે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નિવાસસ્થાનનો ઘેરાવ કરી સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરી પિડીતાને ઝડપી ન્યાય અપાવવા આરોપીઓને ઝડપથી સજા કરાવવાની માંગ કરશે. આ કાર્યક્રમની તંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી ન હોવાથી મહિલા કાર્યકરોને કાર્યક્રમ સ્થળ સુધી પહોંચે તે પહેલા જ ડીટેઈન કરી લેવાય તેવી શક્યતા છે. આ કાર્યક્રમ અનુસંધાને અક્ષરધામ, સરકીટ હાઉસ અને મંત્રી વિસ્તાર આસપાસ ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ૧૫૦થી વધુ મહિલા પોલીસ સ્ટેન્ડ ટુ રહેશે.

### ક્વાયત હાથ ધરાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચૂંટણીઓ-પેટા ચૂંટણી અંગેની વિધિવત્ ઘોષણા કરવામાં આવશે.

એપ્રિલની મધ્યમાં ચૂંટણી પ્રક્રિયા યોજાશે. જેથી બોર્ડની પરીક્ષાઓ પણ પૂર્ણ થઈ ગઈ હશે. તંત્ર દ્વારા હાલ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ પછી વાંધા સૂચનો મેળવવામાં આવી રહ્યા છે.

તંત્ર દ્વારા હાલ સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીના બીજા તબક્કા અંગે ધીમી ગતિએ કામગીરી ચાલી રહી છે. જો કે માર્ચના પ્રથમ સપ્તાહથી તેમાં વેગ આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બીજા તબક્કામાં માણસા અને કલોલ તાલુકાની મોટાભાગની પંચાયતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગાંધીનગર-દહેગામની પણ જૂજ પંચાયતોનો સમાવેશ થતો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

### એપ્રોચ માર્ગોને... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાયેલા સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરલેન બનાવવાની યોજના અંગે પાટનગર યોજના વિભાગ દ્વારા ત્રણ વર્ષ અગાઉ દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી હતી. સેકટરોના આંતરિક માર્ગો પર દિનપ્રતિદિન ટ્રાફિકનુ પ્રમાણ વધતુ જાય છે. જયારે આંતરિક માર્ગથી મુખ્ય માર્ગ પર આવતા વાહનચાલકો ઘણીવાર અકસ્માતને ભેટે છે. સેકટરોમાં આંતરિક માર્ગો પર વાહનોનો ધમધમાટ પણ વધ્યો છે. જયારે શહેરના માર્ગોની આસાપાસ ફુટપાથ નિર્માણ વેળાએ એપ્રોચ રસ્તાના આયોજનને ધ્યાને લઈ જગ્યા પણ નિયત કરવામાં આવી છે. આ મામલે તંત્ર દ્વારા વિભાગને અત્યાર સુધી ત્રણવાર દરખાસ્ત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. સેકટરોના એપ્રોચ માર્ગને જોડતા તમામ રસ્તાઓને ફોરલેન કરવા માટે આ દરખાસ્ત મુજબ સુચવાયુ હતુ.

જયારે આ માટે અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ થાય તેમ છે. હાલ શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોના પણ ઠેકાણાં નથી. પાંચ વર્ષના નિયત સમયગાળાના અંતે પણ સેકટરોના આંતરિક રસ્તાઓની સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી. જેના લીધે રહીશો પરેશાન છે. ત્યારે આંતરિક માર્ગોની સુધારણા બાદ એપ્રોચ માર્ગનુ પણ કામ હાથ ધરવાની અનિવાર્યતા છે.

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

આજકાલની લવ-લાઈફમાં પણ પૈસાનું મહત્વ છે જ. એક મેટ્રીમોનીયલ વેબસાઈટે ૫૦૦૦ યુવતીઓનો સર્વે કર્યો જેમાં જાણવા મળ્યું કે ૭૦% યુવતીઓની ઈચ્છા હતી કે એમનો ભાવી ભરથાર મહીને એટલીસ્ટ ૫૦કે તો કમાતો હોવો જ જોઈએ..! અપની અપની સોચ હૈ શેઠજી પણ હકીકત છે કે પૈસો મહત્વનો છે પ્યારભરી જિંદગી જીવવા માટે, હા એ ખરું કે વધુ પૈસો કે પૈસાની લાલચ સંબંધોમાં ખટાશ કે તિરાડો પાડી શકે છે, સંબંધોમાં અંતર લાવી શકે છે, પૈસો વધે તો પ્યારમાં ઓછપ આવી શકે છે,...વગેરે વગેરે પણ કમબખ્ત અસલિયત એ છે કે પૈસો જરૂરી તો છે જ જીવવા – પ્રેમથી જીવવા...! સી, ટાઈટલમાં પૂછેલો કોશચન ટફ ભલે હોય પણ ખુદ માટે, પ્યાર માટે, જિંદગી માટે...એનો જવાબ શોધવો એટલો જ જરૂરી છે અને દરેકના પોતપોતાના વ્યુ – દાખલા – દલીલો હોય શકે છે પણ આ વાસંતી માહોલમાં જો પ્રેમ જરૂરી હોય તો ભલે એટલું નહિ તો પણ મહત્વ છે પૈસાનું પણ...! વ્હોટ યુ સે...?

વિસામો :

'સચ્ચા પ્યાર ઔર ૧૦૦ કા નોટ મિલના મુશ્કીલ હૈ ...!' – નોટબંધી વખતે વીરેન્દ્ર સહેવાગે એની પત્નીના જન્મદિવસ પર કરેલું એક ટ્વીટ...!

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ